# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1) ઉપરાષ્ટ્રપતિના પદ માટેની ચૂંટણી આગામી 9 સપ્ટેમ્બરે યોજાશે.
2) રાષ્ટ્રપતિએ IIT અને ISM ધનબાદના વિદ્યાર્થીઓને 2047માં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ઉત્પ્રેરક ભૂમિકા ભજવવા હાકલ કરી
3) સંસદના બંને ગૃહો વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે સોમવાર સુધી સ્થગિત કરાયા
4) વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતની સંરક્ષણ જરૂરિયાતોનો સ્ત્રોત સંપૂર્ણપણે દેશની રાષ્ટ્રીય સુરક્ષા જરૂરિયાતો અને વ્યૂહાત્મક મૂલ્યાંકન દ્વારા નક્કી થાય છે.
5) 71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી
6) ક્રિકેટમાં, લંડનના ઓવલ મેદાન પર એન્ડરસન-તેંડુલકર ટેસ્ટ શ્રેણીની અંતિમ મેચમાં ભારત 224 રનમાં ઓલઆઉટ

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# VISE PRESIDEMT ELE

ચૂંટણી પંચે આજે દેશના ઉપરાષ્ટ્રપતિના પદ માટેની ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. ચૂંટણી પંચ અનુસાર, ચૂંટણી 9 સપ્ટેમ્બરના રોજ યોજાશે અને ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ 21 ઓગસ્ટ રહેશે.

(બાઇટ- સકલીન)

..........

# Jharkhand: President of IIT ISM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ IIT-ISM ધનબાદના સ્નાતક વિદ્યાર્થીઓને 2047 માં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ઉત્પ્રેરક ભૂમિકા ભજવવા હાકલ કરી છે. રાષ્ટ્રપતિએ આજે ઝારખંડની તેમની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે ધનબાદ ખાતે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી - ઇન્ડિયન સ્કૂલ ઓફ માઇન્સ ધનબાદના 45મા પદવીદાન સમારોહમાં આ મુજબ જણાવ્યું હતું.

શ્રીમતી મુર્મુએ કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગમાં પ્રથમ સ્થાન મેળવનાર બી.ટેક-ગ્રેજ્યુએટ પ્રિયાંશુ શર્માને રાષ્ટ્રપતિનો સુવર્ણ ચંદ્રક અર્પણ કર્યો હતો. રાષ્ટ્રપતિએ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપનાના 100 ગૌરવશાળી વર્ષો નિમિત્તે એક સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી. પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ પી.કે. મિશ્રાને પણ પદવીદાન સમારોહમાં DSc ની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

સંસ્થાના ભવ્ય ભૂતકાળની પ્રશંસા કરતા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્નાતક વિદ્યાર્થીઓને સમસ્યાઓના સરળ ઉકેલો માટે સંશોધન અને

નવીનતા સાથે નવી પદ્ધતિઓ અને તકનીકી પ્રગતિ અપનાવવા વિનંતી કરી. પદવીદાન સમારોહમાં, 1,055 સ્નાતકો અને 711 અનુસ્નાતકો સહિત કુલ 1,880 વિદ્યાર્થીઓને વિવિધ વિષયોમાં ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

. . . . . . . . .

# REV LS - RS - ADJOURN

સંસદના બંને ગૃહો વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે સોમવાર સુધી સ્થગિત કરવામાં આવ્યા હતા.

રાજ્યસભા પહેલા બપોરે 12 વાગ્યા સુધી અને પછી અંતે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. જ્યારે લોકસભાની કાર્યવાહી પહેલા બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી અને પછી આખરે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યસભા બપોરે 12 વાગ્યે પ્રથમ મુલતવી રાખ્યા પછી મળી ત્યારે, વિપક્ષના સભ્યોએ બિહારમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા પર ચર્ચા સહિત વિવિધ મુદ્દાઓ પર ફરીથી સૂત્રોચ્ચાર શરૂ કર્યા.

આ પહેલા, જ્યારે ગૃહ સવારે 11 વાગ્યે મળ્યું, ત્યારે ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું કે, બિહારમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા પર ચર્ચા કરવાની વિપક્ષની માંગના મુદ્દા પર, ચર્ચા કરવાની મંજૂરી આપી શકાય નહીં કારણ કે, ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે અને આ મામલો પણ ન્યાયાધીન છે.

. . . . . . . . .

# Operation Sindoor LS

સરકારે કહ્યું છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી કાર્યવાહી રોકવા અંગે સીધી વાતચીત થઈ હતી. આજે લોકસભામાં, વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે કહ્યું કે, ભારત અને પાકિસ્તાની સેનાઓ વચ્ચે હાલના સંદેશાવ્યવહાર માધ્યમો દ્વારા વાતચીત થઈ હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામની વિનંતી કરવામાં આવી હતી. ત્રીજા પક્ષની મધ્યસ્થી અંગે તેમણે જણાવ્યુ કે, ભારતે અમેરિકાના રાષ્ટ્રપતિ સહિત તમામ દેશોને સ્પષ્ટ કરી દીધું છે કે, પાકિસ્તાન સાથે કોઈપણ મુદ્દા પર ફક્ત દ્વિપક્ષીય વાતચીત થશે.

F-35 ફાઇટર જેટ વેચવાના અમેરિકાના પ્રસ્તાવ અંગે મંત્રીશ્રીએ કહ્યું કે, આ મુદ્દા પર હજુ સુધી કોઈ ઔપચારિક ચર્ચા થઈ નથી. આ વર્ષે 13 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત પછી જાહેર કરાયેલા ભારત-અમેરિકા સંયુક્ત નિવેદનમાં ઉલ્લેખ છે કે, અમેરિકા ભારતને F-35 ફાઇટર જેટ અને દરિયાઈ પ્રણાલીઓ પૂરી પાડવાની તેની નીતિની સમીક્ષા કરશે.

. . . . . . . . . .

# Rijiju-briefing

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ભારતીય અર્થતંત્ર પરના નિવેદનની આકરી ટીકા કરી છે. શ્રી રિજિજુએ કહ્યું કે રાહુલ ગાંધી વારંવાર ભારત વિરોધી નિવેદનો આપી

રહ્યા છે અને આ યોગ્ય નથી. આજે નવી દિલ્હીમાં શ્રી રિજિજુએ કહ્યું કે રાહુલ ગાંધીના નિવેદનની ઘણા વિપક્ષી નેતાઓ દ્વારા પણ નિંદા કરવામાં આવી છે. તેમણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ વિપક્ષી પક્ષોની પણ ટીકા કરી.

(બાઇટ- કિરણ રિજિજુ)

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# Ministry of External Affairs India USA

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ભારતની સંરક્ષણ જરૂરિયાતોનો સ્રોત સંપૂર્ણપણે દેશની રાષ્ટ્રીય સુરક્ષા જરૂરિયાતો અને વ્યૂહાત્મક મૂલ્યાંકન દ્વારા નક્કી થાય છે. મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે નવી

દિલ્હીમાં સંરક્ષણ ખરીદી અંગે મિડિયા સાથે વાત કરતાં આ મુજબ જણાવ્યું હતું.

શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત-અમેરિકા ભાગીદારીએ ઘણા ફેરફારો અને પડકારોનો સામનો કર્યો છે. ભારત બંને દેશોની પ્રતિબદ્ધતાના મજબૂત એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સંબંધો વધતા રહેશે.

ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત સંરક્ષણ ભાગીદારી છે જે વર્ષોથી વધુ મજબૂત બની છે. ભારત-અમેરિકાના 21મી સદીના કરાર હેઠળ આ ભાગીદારી વધુ મજબૂત થવાની અપેક્ષા છે.

નિમિષા પ્રિયા કેસ અંગે તેમણે કહ્યું કે આ એક સંવેદનશીલ મામલો છે અને સરકાર આ મામલે તમામ શક્ય સહાય પૂરી પાડી રહી છે. તેમણે કહ્યું કે સંયુક્ત પ્રયાસોના પરિણામે, યમનના સ્થાનિક અધિકારીઓએ તેના ફાંસી પર કાર્યવાહી સ્થગિત કરી દીધી છે.

. . . . . . . . . .

# National Film Awards

71મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે. જ્યુરી ચેરમેન આશુતોષ ગોવારિકર અને પી. શેષાદ્રીએ આજે નવી દિલ્હીમાં પુરસ્કારોની જાહેરાત કરી. બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાન અને વિક્રાંત મેસીને શ્રેષ્ઠ અભિનેતા શ્રેણીમાં અને રાની મુખર્જીને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર આપવામાં આવશે.

“12$^{th}$ Fail” ને શ્રેષ્ઠ ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવશે. "કથલ - અ જેકફ્રૂટ મિસ્ટ્રી" ને શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો પુરસ્કાર આપવામાં

આવશે. ઉત્પલ દત્તને શ્રેષ્ઠ ફિલ્મ વિવેચક તરીકે પસંદ કરવામાં આવ્યા છે. શ્રેષ્ઠ સંગીત નિર્દેશનનો પુરસ્કાર તમિલ ફિલ્મ "વાટી" માટે જી.વી. પ્રકાશ કુમારને મળશે. શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફીનો પુરસ્કાર માટે "ધ કેરળ સ્ટોરી" ની પસંદગી થઇ છે.

ગુજરાતી અભિનેત્રી જાનકી બોડીવાલાને ગુજરાતી ફિલ્મ ‘વશ’ માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર જાહેર કરાયો છે.

----------

# CRICKET

ક્રિકેટમાં, લંડનના ઓવલ મેદાન પર એન્ડરસન-તેંડુલકર ટેસ્ટ શ્રેણીની અંતિમ અને નિર્ણાયક ટેસ્ટના બીજા દિવસે, છેલ્લા સમાચાર મળ્યા ત્યારે, ઇંગ્લેન્ડની ટીમે 4 વિકેટે 176 રન બનાવ્યા હતા. જેમાં જેક ક્રોવલી 64, બેન ડકેટે 43 રન બનાવ્યાં હતાં.

અગાઉ, ભારતીય ટીમે પ્રથમ દાવમાં 224 રન બનાવી આઉટ થઈ ગયું હતું, જેમાં કુરૂણ નાયરનાં મહત્વનાં 57 રનનું યોગદાન આપ્યું હતું.

ભારત શ્રેણીમાં 1-2થી પાછળ છે અને શ્રેણીને સરભર કરવા માટે આ મેચ જીતવી જરૂરી છે.

. . . . . . . . . .

# NIA GUJ

રાષ્ટ્રીય તપાસ સંસ્થા (NIA) એ 2015 ના ગુજરાતના ભરૂચ ડબલ મર્ડર કેસના આરોપી મોહમ્મદ યુનુસ ઉર્ફે માંજરોની બે સ્થાવર મિલકતો ટાંચમાં લીધી છે.

જપ્ત કરાયેલી સંપત્તિઓમાં ભરૂચ શહેરમાં સ્થિત અંદાજે 144 ચોરસ મીટરનું એક રહેણાંક મકાન અને તેની બાજુની 29 ચોરસ મીટર જેટલી જમીનનો સમાવેશ થાય છે.

નવેમ્બર 2015 માં ભાજપના બે નેતાઓ શિરીષ બંગાળી અને પ્રગ્નેશ મિસ્ત્રીની હત્યાના મામલે કથિત ભૂમિકા બદલ મોહમ્મદ યુનુસની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં આ ડબલ મર્ડર કેસમાં આંતરરાષ્ટ્રીય ગુનાહિત અને આતંકવાદી પ્રવૃત્તિઓ ધરાવતા ડી-કંપની નેટવર્કની સંડોવણી સામે આવી હતી.

. . . . . . . . . . .

# Karnataka-Rape case

બેંગલુરુમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટેની એક ખાસ અદાલતે આજે જનતા દળ (સેક્યુલર) ના નેતા અને પૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્નાને દુષ્કર્મના કેસમાં દોષિત ઠેરવ્યા છે.

સેશન્સ જજ સંતોષ ગજાનન ભટે આજે દુષ્કર્મ, જાતીય સતામણી અને ગુનાહિત ધમકીના કેસના ચુકાદમાં પ્રજ્વલ રેવન્નાને બધા આરોપો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. આવતીકાલે સજા સંભળાવવામાં આવે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે ખાસ તપાસ ટુકડી દ્વારા 30 મેના રોજ તેની ધરપકડ કરવામાં આવી હતી, ત્યારથી તે ન્યાયિક કસ્ટડીમાં છે. પ્રજ્વલ રેવન્ના જેડી(એસ) સુપ્રીમો અને પૂર્વ પ્રધાનમંત્રી દેવેગૌડાના પૌત્ર છે.

. . . . . . . . . .